Re-Accredited 'B++' 2.86 CGPA by NAAC
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

પરિપત્ર

(આગામી પી.એચ.ડી. પ્રવેશ માટે માર્ગદર્શક શિક્ષકો દ્વારા 'Proposed Intake' ની માહિતી HRMS સિસ્ટમમાં ભરવા બાબત.)

Reference: File.No.PG/018309/2026 Date: 06/10/2026

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના વિવિધ વિભાગોના વડાશ્રીઓ, યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ તથા પી.એચ.ડી. ના માર્ગદર્શક શિક્ષક (Supervising Teacher) તરીકેની માન્યતા ધરાવતા તમામ અધ્યાપકોને આદેશાનુસાર જણાવવાનું કે, આગામી પી.એચ.ડી. પ્રવેશ પ્રક્રિયાના અનુસંધાને માર્ગદર્શક શિક્ષકોએ તેઓ કેટલા નવા પી.એચ.ડી. વિદ્યાર્થીઓ લેવા માંગે છે (Proposed Intake) તેની માહિતી યુનિવર્સિટીની ERP સિસ્ટમના HRMS મોડ્યુલમાં ઓનલાઈન ભરવાની રહેશે. અગાઉ આ માહિતી ગૂગલ ફોર્મ (Google Form) મારફતે મંગાવવામાં આવતી હતી, પરંતુ હવેથી તે ફરજીયાતપણે HRMS સિસ્ટમ મારફતે જ આપવાની રહેશે.

આ માહિતી ઓનલાઈન સબમિટ કરવાની અંતિમ તારીખ **૦૨/૧૧/૨૦૨૬** છે.

ખાસ નોંધ (પી.એચ.ડી. ઓર્ડિનન્સની કલમ ૩ અને ૪ સંદર્ભે):

HRMS સિસ્ટમમાં પ્રોપોઝ્ડ ઈન્ટેક (Proposed Intake) ભરવાની સુવિધા યુનિવર્સિટીના તમામ માન્યતા પ્રાપ્ત પી.એચ.ડી. માર્ગદર્શક શિક્ષકો માટે ખુલ્લી મુકવામાં આવી છે. પરંતુ, પ્રવેશ પ્રક્રિયા દરમિયાન વિદ્યાર્થીઓની ફાળવણી (Allotment) માત્ર એ જ માર્ગદર્શક શિક્ષકોને કરવામાં આવશે જેઓ પ્રવર્તમાન પી.એચ.ડી. ઓર્ડિનન્સની કલમ ૩ (Clause 3: Recognition of Supervising Teachers) અને કલમ ૪ (Clause 4: Allocation of Research Supervisor to Research Scholar) ની જોગવાઈઓ મુજબ વિદ્યાર્થીઓ મેળવવા માટે પાત્રતા (Eligibility) ધરાવતા હશે. જે અધ્યાપકો અગાઉથી પી.એચ.ડી. ગાઈડ તરીકેની માન્યતા ધરાવતા હોય, પરંતુ જો તેઓ નવા ઓર્ડિનન્સની કલમ ૩ અને ૪ ની શરતો પરિપૂર્ણ ન કરતા હોય, તો તેઓને આ પ્રવેશ પ્રક્રિયા અંતર્ગત નવા વિદ્યાર્થીઓ ફાળવવામાં આવશે નહીં, જેની ખાસ નોંધ લેવી.

HRMS માં માહિતી ભરવા માટેના સ્ટેપ્સ:

૧. સૌપ્રથમ vnsgu.net પર લોગ-ઈન (log in) કરો.
૨. ત્યારબાદ HRMS વિકલ્પ પર જાઓ.
૩. HRMS માં 'Ph.D. Intake' પર ક્લિક કરો.
૪. તેમાં 'Proposed Intake for Upcoming Ph.D. Admissions' પર ક્લિક કરો.
૫. ત્યારબાદ 'Add Proposed Intake for Upcoming Ph.D. Admissions (PhD Intake Entry)' પર ક્લિક કરો.
૬. Academic Year માં '2026-2027' સિલેક્ટ કરો અને જરૂરી માહિતી ભરો.

માહિતી ભરતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો:

- હાલમાં તમારી હેઠળ પી.એચ.ડી. કરી રહેલા વિદ્યાર્થીઓની સંખ્યા ચોકસાઈપૂર્વક દર્શાવવી. જે વિદ્યાર્થીઓએ પોતાનો સિનોપ્સિસ (Synopsis) જમા કરાવી દીધો હોય, તેઓનો સમાવેશ હાલના વિદ્યાર્થીઓની સંખ્યામાં કરવો નહીં.

- તમે કેટલા નવા ઉમેદવારોને માર્ગદર્શન આપવા માંગો છો તેની સંખ્યા (Proposed Intake) સ્પષ્ટપણે દર્શાવવી.
  - મહત્તમ માર્ગદર્શન મર્યાદા (Maximum Supervision Limits) નીચે મુજબ છે: આસિસ્ટન્ટ પ્રોફેસર (Assistant Professor): ૪ એસોસિએટ પ્રોફેસર (Associate Professor): ૬ પ્રોફેસર/આચાર્ય (Professor/Principal): ૮

ખાસ નોંધ:

૧. અંતિમ તારીખ બાદ રોસ્ટર મુજબ અનામત બેઠકો સહિતની કુલ બેઠકો જાહેર કરવાની થતી હોય છે. જો પાછળથી બેઠકો વધારવામાં આવે તો રોસ્ટર ક્રમાંકમાં ફેરફાર થાય છે અને બેઠકો સમાવવામાં વહીવટી મુશ્કેલી ઊભી થાય છે. તેથી, નિયત સમયમર્યાદામાં જ દરખાસ્તનું ફોર્મ ભરી દેવા ખાસ વિનંતી છે.

૨. ઓનલાઇન ફોર્મ ભરવામાં જો કોઈ મુશ્કેલી જણાતી હોય, તો અંતિમ તારીખ વીતી ગયા પહેલાં જ જરૂરી સ્ક્રીનશોટ (Screenshot) સહિત **pg@vnsgu.ac.in** પર ઈ-મેઈલ કરવા વિનંતી છે.

કુલસચિવવતી

PG/Ph.D./Darkhast/25744/2026
Date: 30/10/2026

પ્રતિ,

૧. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજના આચાર્યશ્રીઓ તથા તમામ યુનિવર્સિટી વિભાગોના વડાશ્રીઓ તરફ... આપની કોલેજ/વિભાગના પી.એચ.ડી. ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા ધરાવતા તમામ અધ્યાપકોને આ બાબતની સત્વરે જાણ કરવા વિનંતી સહ.

૨. પી.એચ.ડી. ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા ધરાવતા તમામ અધ્યાપકો તરફ (આચાર્યશ્રીઓ તથા યુનિવર્સીટી વિભાગોના વડાશ્રીઓ મારફતે તેમજ તમામના ડેશબોર્ડ પર).